| | |
|---|---|
| રજુ તારીખ | ૦૫–૦૨–૨૦૨૧ |
| દાખલ તારીખ | ૦૫–૦૨–૨૦૨૧ |
| ફેસલ તારીખ | ૧૬–૦૩–૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ માસ દિવસ** |
| | **૦૫ ૦૧ ૧૧** |

**મહે.કપડવંજના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ**

ફોજદારી કેસ નં.૧૯૩/૨૦૨૧

આંક ::

**ફરીયાદી ::**

શ્રી સ ર કા ર

**વિ રૂ ઘ્ધ**

**આરોપીઓ ::**

(૧) સિકંદરમીયાં જીવામીંયા કુરેશી,(એબેટ)
(૨) ફારૂકભાઈ મુસાભાઈ શેખ,
રહે.મુ.તા.કપડવંજ, જી.ખેડા
(૩) કાદરમીયાં જીવામીયાં કુરેશી,(એબેટ)
(૪) સલીમમીયાં સુજાદમીયાં શેખ,
રહે.અમદાવાદ રામોલ, તા.દસક્રોઈ જી.અમદાવાદ
(૫) મુસ્તાકભાઈ કાસમભાઈ ભટ્ટીયારા,
રહે.મુ.તા.કપડવંજ, જી.ખેડા
(૬) રફીકમીયાં ઉર્ફે પતલી મહંમદમીયાં શેખ,
રહે.મુ.તા.કપડવંજ, જી.ખેડા
(૭) મહેબુમમીયાં ઉસ્માનમીયાં ચૌહાણ,
રહે.કઠલાલ વાળંદ વાસ, તા.કઠલાલ જી.ખેડા
(૮) ઈમરાનભાઈ ઈસ્માઈલભાઈ મલેક,
રહે.તોરણા તા.કપડવંજ જી.ખેડા
(૯) ચંદ્રકાંત બળદેવદાસ વૈષ્ણવ,
રહે.તોરણા તા.કપડવંજ જી.ખેડા
(૧૦) રાજુખાન દિલદારખાન પઠાણ,
રહે.તોરણા તા.કપડવંજ જી.ખેડા
(૧૧) મુસ્તાકમીયાં મહંમદભાઈ શેખ,
(૧૨) અલ્તાફ અબ્દુલગની શેખ,
(૧૩) યુસુફ અબ્દુલમજીદ મનસુરી,
(૧૪) મકસુદ ઈબ્રાહીમભાઈ શેખ,
(૧૫) સિરાજભાઈ ઈસ્માઈલભાઈ શેખ,
ઉપરના ૧૧ થી ૧૫ રહે.મુ.તા.કપડવંજ, જી.ખેડા

<u>ગુન્હો : જુગારધારા કલમ–૧૨ મુજબનો</u>

**ફરિયાદી તરફે વિ. એ.પી.પી. શ્રી ડી.બી.ચૌહાણ**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી એમ.એમ.શેખ**
**<u>–:: ચુ કા દો ::–</u>**

**૧.** ફરિયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીઓએ તા.૧૪/૪/૧૯ ના રોજ કલાક ર૧/૦૦ વાગે તોરણા ગામે મોટા કસ્બામાં આરોપી નં.૧ ના મકાનની સામે આવેલ ખુલ્લી જગ્યામાં પતા પાનાનો હારજીતનો જુગાર રમી રમાડતા હોય અંગજડતીમાંથી મળેલ રૂ.ર૧,૫૮૦/–, મોબાઈલ ફોન નંગ–૫ ના કુલ રૂ.૧૧,૫૦૦/– તથા દાવ ઉપરના રૂ.ર૬ર૦/– તથા પતા પાના નંગ ૧૦૪ એમ મળી કુલ રૂ.૩૫,૭૦૦/–ના મુદ્દામાલ સાથે આરોપીઓ પકડાઈ જઈ ગુન્હો કરતા આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ–૧૨ મુજબની ફરીયાદ કપડવંજ રૂરલ તાલુકા પો.સ્ટે.માં સે.ગુ.ર.નં.૧૬/ર૦૧૯ થી દાખલ કરી, તપાસ કરનાર અધિકારીએ આરોપીઓને અટક કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોવાનો પુરતો પુરાવો હોવાનું જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**ર.** આરોપીઓને સમન્સ બજતાં તેઓ વિ.વકીલશ્રી સાથે અદાલત સમક્ષ હાજર થતા, આરોપીઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–ર૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડી, આંક–૫ થી ૧૮ સુધી આરોપીઓની પ્લી લેતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**3.** ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**મૌખિક પુરાવો**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી વિજયસિંહ ભાથીસિંહ સોલંકીની જુબાની | ૩૭ |

| | | |
|---|---|---|
| ૨. | સાહેદ વનરાજસિંહ શંકરસિંહ ચાવડાની જુબાની | ૪૦ |
| ૩. | પંચસાહેદ ઈલ્યાસઅલી લીયાકતઅલી સૈયદની જુબાની | ૪૧ |
| ૪. | ત.ક.અ. કરણ સિંહ મોતીસિંહ પરમારની જુબાની | ૪૭ |

**દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૩૮ |
| ૨. | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૪૨ |
| ૩. | સુચીપત્ર | ૪૮ |

**૪.** ફરિયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીઓનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં હાલના આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવાઓનો ઈન્કાર કરી, તેઓ નિર્દોષ છે અને તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે તેવો બચાવ લીધો છે, ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** સદરહુ કેસના ન્યાયનિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુ દ્દા ઓ ::–**

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૧૪/૪/૧૯ ના રોજ કલાક ૨૧/૦૦ વાગે તોરણા ગામે મોટા કસ્બામાં આરોપી નં.૧ ના મકાનની સામે આવેલ ખુલ્લી જગ્યામાં પતા પાનાનો હારજીતનો જુગાર રમી રમાડતા હોય અંગજડતીમાંથી મળેલ રૂ.૨૧,૫૮૦/–, મોબાઈલ ફોન નંગ–૫ ના કુલ રૂ.૧૧,૫૦૦/– તથા દાવ ઉપરના રૂ.૨૬૨૦/– તથા પતા પાના નંગ ૧૦૪ એમ મળી કુલ રૂ.૩૫,૭૦૦/–ના મુદ્દામાલ સાથે આરોપીઓ પકડાઈ જઈ જુગારધારાની કલમ–૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨. | શું હુકમ? |

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ ય ::–**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં.૧ અને ૨ :**

૮. સદરહુ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**૮.૧** ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ કરવામાં આવેલ પુરાવાઓ જોઈએ તો સૌ પ્રથમ ફરીયાદી વિજયસિંહ ભાથીસિંહ સોલંકીનાઓને આંક–૩૭ થી તપાસવામા આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૪/૪/૧૯ ના રોજ તેઓ પોલીસ સ્ટેશન હતા અને બાતમીદારથી બાતમી મળેલ જેથી પોલીસના સ્ટાફના માણસો સાથે રેડ કરવા સારૂ બે પંચોના માણસોને બોલાવી તેઓને બાતમી હકીકતથી વાકેફ કરી તોરણા મોટા કસ્બામાં આરોપીઓ પતા પાનાનો જુગાર રમતા હોય તેઓનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછી તપાસ કરતાં આરોપીઓની અંગજડતીમાંથી કુલ રૂ.૨૧૫૮૦/–રોકડા, દાવ ઉપરના કુલ રૂ.૨૬૨૦, મોબાઈલ નંગ–૫ જેની કિં.૧૧,૫૦૦/–, પતા પાના નંગ –૫૨ એમ મળી કુલ રૂ.૩૫,૭૦૦/–ના મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ કરી મુદ્દામાલ કબજે કરેલ અને સરકાર તરફે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ કરેલ.

બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, કયા ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલા તે જણાવેલ નથી, પંચોનુ રેડ બાબતે સમજ કરી હોય તેવુ પ્રાથમીક પંચનામુ કરેલ નથી.

૮.૨ ફરીયાદપક્ષે આંક–૪૦ થી સાહેદ વનરાજસિંહ શંકરસિંહ ચાવડાનાઓને તપાસેલ છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ કાર્યવાહી તેઓની હાજરીમાં કરેલ.

બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, કયા ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલા તે જણાવેલ નથી, પંચોનુ રેડ બાબતે સમજ કરી હોય તેવુ પ્રાથમીક પંચનામુ કરેલ નથી.

૮.૩ ફરીયાદપક્ષે આંક–૪૧ થી પંચસાહેદ ઈલ્યાસઅલી લીયાકતઅલી સૈયદનાઓએ તેમના પુરાવામા આંક–૪૨ વાળા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં તેમની સહી હોવાનુ જણાવી પંચનામાની હકીકતને સમર્થન ન આપતાં ફરીયાદપક્ષે પંચસાહેદને ફરી ગયેલ જાહેર કરી લીધેલ ઉલટ તપાસમાં પણ તેઓએ ફરીયાદપક્ષને સમર્થન કરતો કોઈ પુરાવો આપેલ નથી.

૮.૪ ફરીયાદપક્ષે આંક–૪૭ થી ત.ક.અ. કરણસિંહ મોતીસિંહ પરમારનાઓને તપાસેલ છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, ફરીયાદ અને પંચનામુ કર્યા બાદ સદર તપાસ તેઓને મળતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઈ આરોપીઓની અટક કરી પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, કયા ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલા તે જણાવેલ નથી, પંચોનુ રેડ બાબતે સમજ કરી હોય તેવુ પ્રાથમીક પંચનામુ કરેલ નથી.

૯. સદરહુ કામે રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા જણાય છે કે, ફરીયાદપક્ષના મહત્વના પંચસાહેદ ઈલ્યાસઅલી લીયાકતઅલી સૈયદનાઓએ તેમના પુરાવામાં આંક–૪૨ થી કરવામાં આવેલ તેમની રૂબરૂના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. આમ, મુદ્દામાલ આ કામના આરોપીઓ પાસેથી કબજે કરેલ હોવાની હકીકત

પુરવાર થતી નથી. મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ એ એક અગત્યના દસ્તાવેજ છે પરંતુ પંચનામા સાબીત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. જેથી પોલીસે પંચનામા મુજબનો મુદ્દામાલ આરોપીઓ પાસેથી ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**૧૦.** આમ રજુ થયેલ પુરાવાના આધારે ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી, સાહેદ અને ત.ક.અ.નાઓએ બનાવની હકીકતને સમર્થન કરેલ છે પરંતુ ફરિયાદ પક્ષના પંચ સાહેદે પંચનામુ તેની હાજરીમાં પંચનામુ થયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો આ કામે લેવામાં આવેલ નથી. વધુમાં આ કામે આરોપીઓ પાસેથી કબજે કરેલ મોબાઈલ ફોન કોની માલીકીના છે અને તે કયા આરોપીના કબજામાંથી મળી આવેલ છે તે અંગેનો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓ રહેણાંક મકાનમાં જુગાર રમતા હોય તો તે મકાન કોની માલીકીનુ છે તે બાબતેનો કોઈ પુરાવો રજુ થયેલ નથી.

**૧૧.** આ સંજોગોમાં ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને ક્રિમિનલ જ્યુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને આરોપીઓએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીઓને લાભ મળવા પાત્ર છે. આ કામે ફકત પોલીસ સાહેદોનો પુરાવો લીધેલ છે જેના પર આધાર રાખીને આરોપીને ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. કારણ કે, આ કામે ફરીયાદીનાં પુરાવાને સ્વતંત્ર સાહેદોથી સમર્થન મળતું નથી. આરોપીઓ સામે કોઈ સબળ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીઓને તેમની સામે મુકવામાં આવેલ આક્ષેપમાંથી છોડી મુકવાનું ન્યાયોચિત જણાય છે. આમ, આરોપીઓએ તા.૧૪/૪/૧૯ ના રોજ કલાક ૨૧/૦૦ વાગે તોરણા ગામે મોટા કસ્બામાં આરોપી નં.૧ ના મકાનની સામે આવેલ ખુલ્લી જગ્યામાં પતા પાનાનો હારજીતનો જુગાર રમી રમાડતા હોય અંગજડતીમાંથી મળેલ રૂ.૨૧,૫૮૦/-, મોબાઈલ ફોન નંગ-૫ ના કુલ રૂ.૧૧,૫૦૦/- તથા દાવ ઉપરના રૂ.૨૬૨૦/- તથા પતા પાના નંગ ૧૦૪ એમ મળી

કુલ રૂ.૩૫,૭૦૦/–ના મુદ્દામાલ સાથે આરોપીઓ પકડાઈ જઈ જુગારધારાની કલમ–૧૨ મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

૧. આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૨૪૮(૧) અન્વયે જુગાર ધારા કલમ–૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ ચલણી નાણાં સરકાર ખાલસા કરવા.

૩. આરોપીઓ પાસેથી મુદ્દામાલ પાવતી મુજબના કબજે કરવામાં આવેલ મોબાઈલોના વચગાળાનો હુકમ કાયમી રાખવામાં આવે છે તથા પતા પાનાનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૪. આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે રૂ.૫૦૦૦/– ના જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજ તારીખ :: ૧૬ મી, માહે :: માર્ચ, સને :: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :: ૧૬/૩/૨૦૨૬
સ્થળ :: કપડવંજ

માયાદેવી આર.શુકલા
એડી.ચીફ.જયુડી.મેજી.,કપડવંજ
GJ00681

SAC